

ર્ષ ૩ **દિવ્યદીપ** અંક ૮

## માનવતાની ભીનાશ

દેવદિવાળીએ પૂ. મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી ચાતુર્માસ પરિવર્તન નિમિત્તે મુંબઈમાં વિહાર કરી હ્યા હતા ને, હજારો યુવકો પણ આદરણીય સ્વજનને ભાવભીની વિદાય દેવા પદયાત્રામાં સાથે ચાલી રહ્યા હતા યારે મુનિશ્રીનું મન પણ વિવિધ વિચારો વચ્ચે વિહાર કરી રહ્યુ હતું "આજે, મારી સાથે ચાલી રહેલા સ્વજનો ાસે કઈ વાત મૂકું ?" ને, ત્યાંજ એમની નજર સામે, બિહારનાં દુષ્કાળ પીડિત પ્રજાજનની અવદશા દોડી આવી. મેમનાં દુઃખ નિવારણની ઝંખના જાગી ને ચાતુર્માસ પરિવર્તન અંગેના પ્રવચનમાં એ વ્યક્ત થઇ ગઈ.

"એની અસર એટલી બધી ઘેરી હતી, કે પંદર મિનિટમાં જ પીડિતનાં દુઃખ નિવારવા માટેના ાક ઉમળકાનો આંકડો એકસઠ હજારે તો પહોંચી જ ગયો. ને, પ્રવચન પછી પણ એ આંકડો વધતો હીને સીતેર હજાર પર પહોંચી ગયો.

એ વેળાએ હુ ત્યાં જ હતો, મને થયું. ભારતની ધરતીમાં હજીય માનવાતાની ભીનાશ મહેકે છે, માજને દોરનારા સત્પુરુષો જો યોગ્ય રીતની દોરવણી આપે તો કેવાં રૂડાં કામ થઇ જાય ?

આમ વિચારતો હતો ત્યાં જ, એક પંદરેક વર્ષની બાળાએ આવી, મુનિશ્રીને વંદન કર્યાં ને હ્યું: મહારાજશ્રી, બિહારનાં પીડિતો માટે મારે પણ કંઈક આપવું છે, આપું ?

"શુ આપીશ ?" "મને વાપરવા માટે જે પૈસા મળે છે તેમાંથી બચાવી બચાવીને મેં અઢીસો રૂપિયા ટલી રકમ પાંચેક વર્ષમાં ભેગી કરી છે, તે," "બધીય આપીશ ?"

"હા, આનાથી વળી રૂડો લ્હાવો શો છે ?" આ ઉત્સાહભર્યો ઉત્તર સાંભળતાં જ મુનિશ્રીની આંખ ાનંદથી છલકાઈ ગઈ....ને મારી અહોભાવથી.

મેં અહીં માનવતાની ભીનાશ મહેકાવનારી મુનિશ્રીની પ્રેરણાવાણીની આછેરી ઝાંખી અનુભવી.

"નિમિત્તમાત્ર"

# "અમર માતૃત્વ"

પૃથ્વીની પરિક્રમા પૂરી કરી જીવનદાતા સૂર્યદેવ જ્યારે અસ્તાચલ સમીપ પહોંચ્યો ત્યારે કેટલાક પરદેશી પ્રવાસીઓ લંડનના રોયલ સ્મશાન-ગારની મુલાકાતે આવી ચઢ્યા. ફરતાં ફરતાં એમની નજર સ્મશાનભૂમિના ખૂણે એક કબર પર પડી એ કબર પર લખ્યું હતું. "કારણ કે હું માતા હતી."

આવું વિચિત્ર વાક્ય વાંચી પ્રવાસીઓમાં ભારે કુતુહલતા પ્રગટી તેમણે સ્મશાનભૂમિના એક બુજર્ગ પહેરગીરને બોલાવીને આ શબ્દોનું રહસ્ય જણાવવા વિનંતિ કરી.

પેલો બુજર્ગ પહેરગીર મસ્તક પરથી હેટ નીચે ઉતારતો કબર સમીપ આવ્યો અને અત્યંત હૃદય દ્રાવક શબ્દો ઉચ્ચારતો કહેવા માંડયો.

"મારા માનવંતા સાહેબો! સાંભળો આ સમાધિ રાજકુમારી એલિસની છે. એક વેળા રાજકુમારી એલિસનો દશ વર્ષનો કુમાર અત્યંત બિમાર અવસ્થામાં મૃત્યુશય્યા પર સૂનો હતો. એ પ્રસંગે વૈદો અને હકીમોએ રોગનું નિદાન કરીને કહ્યું. કે કુમારના હૃદયમાં રસી થાય છે અને એ રસીમાંથી પ્રાણઘાતક ઝેરી પ્રશ્વાસો નિકળે છે, માટે સારવાર કરનારાઓએ સાવચેત રહેવું ઘટે. જો આ વાતમાં જરા પણ ગફલત થશે તો એ રોગનું ઝેર સારવાર કરનારના શરીરમાં શ્વાસ વાટે પ્રવેશશે અને તે પણ મૃત્યુ પામશે."

હકીમોની સૂચના સાંભળી શુશ્રૂષામાં લાગેલા બાહૂતી દાસ–દાસીઓ બેકાળજી બન્યા. આ જોઇને રાજકુમારી એલિસને ભારે દુઃખ થયું. તેણે પોતે જ દર્દથી પીડાતા કુમારનું માથું પોતાના ખોળામાં લીધું. અને જાતે જ ઉપચાર કરવા લાગી.

થોડા કલાકના અંતરે કુમારનુ દર્દ હળવું પડયું. એને શુદ્ધિ આવી. તેણે આંખ ખોલીને જોયું તો પોતે માતાના ખોળામાં સૂનો હતો. સભાન બની રહેલા કુમારને જોઈ માતા એલિસ આનંદમાં આવી ગઈ. અને પોતાનો હુંફાળો હાથ કુમારના કપાળ પર ફેરવવા લાગી.

માતૃ-પ્રેમ પામતો દર્દ પીડિત કુમાર સ્નેહાવેશમાં ઊછળ્યો. એણે પોતાના નાજુક હાથો માતાના મુખ પ્રતિ લંબાવ્યા અને બોલ્યો.

"મા ! મને ચુંબન કર !"

બિમાર બાળકના મધુર અને પ્રેમલ શબ્દોથી માતૃહૃદય ઝણઝણી ઊઠયું. એના હૈયામાં વાત્સલ્યનું અખંડ ઝરણું ઊભરાયું. એણે લગીરે સંકોચ કે મૃત્યુના ભય વિના કુમારના મસ્તક પર મુખ નમાવ્યું અને અતિ વહાલથી એણે પોતાના અમી ઓષ્ઠો કુમારના નાજુક ઓષ્ઠો પર દબાવ્યા.

આહ.....! માતાના અમીભર્યા વાત્સલ્યે હકીમની આજ્ઞાનો અનાદર કર્યો....અને માતા પુત્રને વળગી પડી. અરે....ના....માતા મૃત્યુને જ ભેટી પડી.

મૃત્યુશય્યા પર સૂતેલી એલિસને કોઇએ પૂછ્યું. "કુમારી ! તમે જાણતા નહોતા કે પુત્રને ભેટવાથી મૃત્યુ થશે ?"

જીવનના છેલ્લા શ્વાસો ખેંચતી રાજકુમારી બોલી.

"અવશ્ય જાણતી હતી."

'તો પછી તમે આમ શાને કર્યું' ?

મૃત્યુનો અમર ઘૂંટડો પીતા એલિસાએ ઉમેર્યું.

"કારણ....કે....હું માતા હતી ?"

પહેરગીરે જ્યારે અંતિમ વાક્ય ઉચ્ચાર્યું ત્યારે એનો કંઠ રૂંધાયેલો હતો. એની ભૂરી આંખોમાંથી વાત્સલ્યના મોતી સમા શ્વેત અશ્રુઓ ટપકી રહ્યાં હતાં. એણે સ્વસ્થ બનતા ઊમેર્યું.

પ્રેમને ભાષા નથી, એને બદલાની અપેક્ષા નથી. એ જ્યારે વહે છે ત્યારે નિઃસંકોચ વહે નિર્બંધ વહે છે. અને પોતાનું સર્વસ્વ સમર્પે છે છે ત્યારે જ એ ઝંપે છે.

—સિંધુમાં બિન્દુ

# જૈનિઝમ પુસ્તકના ઉદ્ઘાટન પ્રસંગે

**પૂ. ગુરુદેવશ્રી ચિત્રભાનુએ આપેલ પ્રવચન**

(ગતાંકથી ચાલુ)

તમોગુણ પ્રધાન વ્યક્તિ દરેક વસ્તુને ભૌતિક દૃષ્ટિકોણથી જ જુએ. એના જીવનનાં મૂલ્યાંકનો કોનાથી થાય? જડથી થાય. પૂછે કે આની પાસે સો કેટલો છે?

એક ભાઈ મને મળવા આવ્યા. અર્ધો કલાક વાત કરી ગયા. ત્યાં એક ભાઈ બેઠા હતા. તેણે પૂછયું: તમે એમની સાથે બેઠા, બહુ વાતો કરી એટલે એમની પાસે ઘણો સો લાગે છે? મેં કહ્યું કે પૈસો એટલે જ માણસ? પૈસા ન હોય તો માણસની કિંમત કંઈ નહિ? પૈસો આવ્યો એટલે માણસ. એ ગયો એટલે ખલાસ. માણસનાં મૂલ્યો જ નહિ? અત્યારે Post ઉપર Minister તરીકે કોણ છે? દારૂડિયો હોય તો ય ચાલે, કારણ કે એ Post પર છે. એ સત્તા ઉપરથી ઊતર્યો એટલે ગઈ કાલે ફૂલોના હાર પહેરાવનાર આજ કહે: "એને હવે ગટરમાં જવા દો, બીજો લાવો અત્યારે સત્તા પર કોણ છે એ જોવાનું છે." એટલે માણસનાં મૂલ્યો કઈ જ નહીં. Valuation જડનું થઈ ગયું છે. એટલે જ માણસો હવે સારા બનવા માંગતા પણ નથી. એ કહે કે સારા બનીએ તો પણ શું? અમે સારા બનીએ પણ જો પૈસો હશે, Post હશે, Position હશે તો જ પૂછવાના છીએ. અને એ જો નહિ હોય તો અમે છીએ જ નહિ એટલે માણસની દૃષ્ટિ જે પોતાના તરફ હતી એના બદલે બહાર થઈ રહી છે. બહિર દૃષ્ટિની હરિફાઈ ચાલી રહી છે. આ Race માં કોણ આગળ આવી જાય છે! એમાં સારામાં સારા માણસોને પણ પ્રલોભન થાય છે કે રખે અમે પાછળ રહી જઈએ! લાવ આપણે પણ દોડીએ અને દોડે છે. નથી દોડતા એ પાછળ રહી જાય છે. જે લોકો આવો વિચાર કરે છે એ લોકો આ બીજી કક્ષામાં આવે છે કઈ કક્ષામાં કે બહારથી જાગૃત છે, અંદરથી સુષુપ્ત છે. એ લોકો આવો વિચાર કરે કે આપણે રહી જઈશું, આપણે સારા રહીને પણ દોડીએ "સારા રહીએ" એટલા જાગૃત છે. પણ આપણે Race માં દોડીએ એટલા વિચારે એ અંદરથી મૂર્છિત છે. જો એ અંદરથી જાગૃત હોત તો કહેત કે રહી ગયા તો કાંઈ વાંધો નથી. જનારને દોડવા દો. દોડી દોડીને ક્યાં જવાના છે? થાકીને સૂઈ જવાના છે. એના કરતાં મારે નથી દોડવું. આવો વિચાર કોણ કરે કે જે અંદરથી જાગૃત અને બહારથી પણ જાગૃત હોય. તો આ ત્રણ દશા છે, એમાં પહેલી અવસ્થાવાળા વધારે છે.

અરે, દુનિયામાં મોટા ભાગના માણસો પ્રથમ અવસ્થામાં છે. બહિર મૂર્છિત, અંતર મૂર્છિત એ અવસ્થામાં છે.

ભગવાને આવીને એ મૂર્છા ઉડાડી દીધી. જૈનધર્મે બીજું કાંઈ નથી કર્યું, મૂર્છા ઊડાડી છે. એણે કહ્યું કે, જાગ, સમયનો પણ પ્રમાદ ન કર. તું ક્યાં પડયો છે? અને તું આ માટે જન્મ્યો છે? સત્તા લેવા, ધન લેવા, પૈસા લેવા? એમ કરવા જઈશ તો તું દટાઈ જઈશ. અને તુ આત્મા જડ નીચે દટાઈ જાય એ નહીં ચાલે. દુનિયામાં બધું દટાય તો ચાલે પણ તું ના દટા. એટલે ભગવાને કહ્યું કે આત્માને તું જાણ અને આત્માની આસપાસ જે વૃત્તિઓ છે તેને દમન કર. એના હાથમાં તું ન આવ, એમને તું તારા હાથમાં રાખ. કેવી સરસ વાત કહી છે?

પ્રભુની સામે ઘીનો દીવો મંદિરમાં પ્રગટે છે એ શું સૂચવે છે? જો વાટ અંદર ડૂબી જાય તો દીવો બુઝાઈ જાય. વાટ જો ઉપર તર્યા કરે તો જ જ્યોત જલતી રહે. માણસ જો વૃત્તિઓમાં ડૂબી જાય તો ખલાસ. એનું તેજ મરી જાય, એ જો ઉપર તરતો રહે તો જ જગતને તેજ આપી શકે. મેં એક વૃદ્ધ દાદીમાને જોયેલાં જ્યારે દીવો બુઝાવવો હોય ત્યારે એને એ ફૂંક

નહીં મારતાં હતાં. એ વાટને જ પકડીને તેલમાં ડૂબાડતાં. ત્યારે મને વિચાર આવતો. "જે તારનું તે મારનું." એમ આ સંસારના સાધનો, શ્રીમંતાઈ વગેરે ખરાબ નથી પણ જે હાથમાં લેનારો છે, handle કરનારો છે એ ખરાબ હોય તો બધું જ ખરાબ થઈ જાય છે. પરિસ્થિતિ બે ધારની તલવાર છે. પકડતાં ન આવડે તો આપણો જ હાથ કાપી બેસે છે. ભગવાને એ વાત બતાવી અને એ સમજાવવા માટે ચાર સાધનો બતાવ્યાં.

અહિંસા, અપરિગ્રહ, અનેકાન્ત અને કર્મવાદ. Jainism ની દુનિયાને આ મોટી ભેટ છે. નેતાઓ પણ હવે વિચારતા થઈ ગયા છે અને ચીન જેવા રાષ્ટ્રો અણુધડાકા કરે છે કે તરત U.N.O. માંથી બોલવા માંડે છે કે આ ભયજનક છે. એનો પ્રચાર અટકાવવો જોઈએ. લોકો હવે Weapons થી, યુદ્ધના ભયાનક સાધનોથી થાકયા છે. હવે સૌ માગે છે કે શાંતિ જોઈએ, અહિંસા જોઈએ. એટલે ભગવાને તો પહેલાં જ કહ્યું કે હિંસાથી દુનિયામાં હિંસા જનમશે, પ્રેમથી પ્રેમ જનમશે, હિંસાથી તમે એક વાર જીતી જશો, પણ પરાજિત ઝંપશે નહિ. ૧૯૧૯ માં જર્મનીને દબાવી દીધું હતું. ૧૯૨૦ ની સંધિમાં હારેલો દેશ અને એના લોકો પાછા એકવાર ઊભા થયા અને તમે જાણો છો કે ૧૯૩૯ માં એ લોકોએ શું કરી નાખ્યું! તો જે વસ્તુને Force થી દબાવો છો એ જ વસ્તુ double force થી ફરી પાછી Jump લે છે. એટલે ભગવાને અહિંસાનો માર્ગ બતાવ્યો. અહિંસાથી, પ્રેમથી જીતાયેલો કદી સામનો નહીં કરે.

બીજી વાત એ બતાવી, કે અહિંસા લાવવા માટે અપરિગ્રહ જોઈએ. જ્યાં સુધી પરિગ્રહ છે. છે ત્યાં સુધી અહિંસા નહીં આવે. ઘણા લોકો અહિંસક રાજ્યની વાતો કરે છે પણ એ બે શબ્દો વિરોધ છે. એ બે શબ્દો વચ્ચે Contradiction છે. રાજ્ય અને અહિંસા એ બેનો કોઈ દિવસ મેળજ ખાય નહીં કારણ કે રાજ્ય એટલે ધનસંચય (accumulation of wealth) અને જ્યાં સંગ્રહ છે ત્યાં કોઈ દિવસ અહિંસા આવતી નથી, હિંસા જ આવે છે. સંગ્રહ એ જ હિંસા છે.

કોઈ પણ સંગ્રહ અહિંસાથી થયો હોય એવો દુનિયામાં એક પણ દાખલો નથી. સંગ્રહના મૂળમાં જોવા જાઓ. તો હિંસા છે, અને રાજ્ય એ સંગ્રહ છે અને સંગ્રહ છે એટલે હિંસા છે, આવો આ એક સ્પષ્ટ ન્યાય છે. આપણે ઊંડાણથી વિચાર કરીશું તો લાગશે કે શાન્તિ અને અહિંસા દુનિયામાં accumulation of wealth થી નહીં, પણ distribution of wealth થી આવશે. જેમ જેમ અર્થનું વિકેન્દ્રીકરણ થાય તેમ તેમ અહિંસા નજીક આવતી જાય.

એટલે બીજો પ્રશ્ન એ આવે છે કે અહિંસા કોનાથી જીવતી રહેશે? અપરિગ્રહથી. અપરિગ્રહ લાવવા માટે, સમાજને સમજવા માટે તમે મને સમજો, હું તમને સમજું—આ માટે અનેકાન્તની દૃષ્ટિની જરૂર છે. આ દૃષ્ટિ જો આવે તો માણસ એકબીજાને બરાબર સમજી શકે. પછી ખ્યાલ આવે છે કે તમારા કહેવાનો અર્થ પણ એ છે કે જે હું કહેવા માંગું છું, પણ આપણી terms જુદી છે, પદ્ધતિ જુદી છે. આ વાત કહીને જૈન ધર્મે કહ્યું કે દુનિયામાં હું કોઈ નવો ધર્મ સ્થાપવા નથી આવ્યો. આ તો એક way of Living & thinking છે. Jainism પુસ્તકની પ્રસ્તાવનામાં મેં આ વાત સૂચવી છે. જૈનધર્મ વિચાર અને આચારના સંવાદમાં માને છે. એને સંપ્રદાયનું મહત્ત્વ નથી. સંપ્રદાય તો બહારનું ખોખું છે. વિચાર અને આચારનો સંવાદમય સૂર એ જ એનો આત્મા છે. મુસલમાન જૈન બની શકે છે, બ્રાહ્મણ જૈન બની શકે છે, ખ્રીસ્તી જૈન બની શકે છે અને ખૂબીની વાત એ છે કે જૈન બનવાને માટે પોતાની જાતને

છોડવાની જરૂર નથી. તમે તમારી જાતમાં રહો પણ તમારું જીવન અહિંસક થાય તો તમે જૈન છો. જૈનધર્મે કદી પણ વટલાવવાને સ્થાન આપ્યું નથી. જૈનધર્મ Conversionને નહીં,-Conviction ને માન આપે છે. અને એટલે જ જતો આ પુસ્તકના લેખક Herbert Warren એક અંગ્રેજ હોવા છતાં પણ એક શ્રેષ્ઠ જૈન કહેવાયા. એમણે Christianity કરતાં આનામાં (જૈન ધર્મમાં) ઉત્તમ ચિન્તન અને સરસ આચરણ જોયું એટલે એમને આદર પ્રગટયો અને એ રીતે જીવવા લાગ્યા તો જૈન કહેવાયા. ભગવાને એક સરસ વાત કહી છે, કે કયાંક જો માખણ મળી જાય તો તમે છાશને વળગી ન રહેશો. માખણ મેળવીને ખાઇ લો. આ વિચારણા આપીને સરસ એક દૃષ્ટિકોણ આપ્યો કે જૈનધર્મ એટલે એકાન્ત નહીં, અનેકાન્ત. એક વસ્તુના અનેક aspects પાસાં છે, અને એ અનેક aspects વાળી વસ્તુને માત્ર એક aspect–દૃષ્ટિકોણથી ના જુઓ. એક મકાનને આ બાજુથી જુઓ તો જુદું લાગે છે, પેલી બાજુથી જુઓ તો સાવ જુદું લાગે છે, વળી ઉપરથી જુઓ તો એથીયે જુદુ જણાય મકાન એક જ છે પણ એનાં આકાર, એનાં પાસાં જુદાં છે.

જેની પાસે અનેકાન્તની વ્યાપક દૃષ્ટિ છે તે કોઇથી લડતો નથી. એ એક ન્યાયાધીશ છે. અને એ બન્ને સામસામા વિવાદ કરતા વકીલોને તોલે છે. જેની પાસે આ તુલનાપૂર્વક વિચાર કરવાની શકિત છે એને હું અનેકાન્તવાદી કહું છું. અનેકાન્તવાદ એ આધ્યાત્મિક વડી અદાલતનો ન્યાયાધીશ છે અને એ બરાબર ન્યાય કરે છે. કોઇ દિવસ કોઇ બાજુ ભળતો નથી, તેમ અન્યાય તરફ ઢળતો નથી. ન્યાયાધીશમાં મોટામાં મોટી વસ્તુ એ જ છે કે જો એ પક્ષકાર ન બને તો જ એ સારો ન્યાયાધીશ બની શકે. આજે એ અનેકાન્ત-વાદનો જીવંત સંવાદ આપણે પ્રત્યક્ષ જોઇ રહ્યા છીએ. Herbert Warren અંગ્રેજ હોવા છતાં એણે જૈનધર્મ પર લખ્યું અને એનું ઉદ્ઘાટન ડૉ. ગજેન્દ્રગડકર જેવા વિદ્વાન વડા ન્યાયાધીશના હાથે થાય છે. આ કેવો સુંદર સંવાદમય સમન્વય છે! એમણે નમ્રતા ખાતર સંકોચાઉં છું–એમ કહ્યું કે હું Embarrass થાઉં છું, પણ ખરી રીતે તો આ પુસ્તકનું પ્રકાશન એક શ્રેષ્ઠ કેળવણીકાર કે જેઓ આજે Vice Chancellor નું સ્થાન શોભાવી રહ્યા છે એમના હાથે થાય છે. એમનું તો આટલાં વર્ષો સુધી ન્યાય તોલીને મન અને મગજ પણ ધીમે ધીમે ન્યાયમય બન્યું છે. માણસ જે જાતનો વિચાર કરે છે એવો એ થઇ જાય છે. ગુંડો વિચાર કરે ત્યારે એના મગજમાં છરો, ચપ્પુ, તલવાર, બંદુક એનાજ વિચાર આવશે, કારણ કે આખી જિંદગી સુધી એણે એ જ વિચાર્યું છે. ન્યાયાધીશ વિચાર કરશે તો એના મગજની અંદર ન્યાયનો વિચાર આવશે.

બે બાજુથી માણસો બોલતા હોય એમાંથી કેવી રીતે સત્ય શોધી કાઢવું તે ન્યાયી વિચારે. કાપડિયો વિચાર કરશે તો કાતર અને ગજનો વિચાર કરશે, અને હજામ વિચાર કરશે તો અસ્ત્રાની ભાષાથી વિચાર કરશે. માણસ જે જાતનો ધંધો કરે છે એવા વિચારમાં એ ઘડાઇ જાય છે. ન્યાયનું કામ આકરું છે, કારણ કે બે પક્ષમાંથી એક રાજી થાય તો બીજો નારાજ થાય જ. અને જે વ્યકિત displease થઇ હોય એ જરા તાકાત વાળી હોય, તો પેલી વ્યકિતને ઉડાડી દેવા મરણતોલ પ્રયત્ન પણ કરે. સત્યના તેજવાળો જ ટકી શકે. Supreme Courtના એક વડા ન્યાયાધીશ મારા મિત્ર છે. તેઓએ મને એકાંતમાં વિચારોની આપલેમાં પોતાના અનુભવની વાત કહી કે કોઈક સમયે તો થાય કે અમારે શું કરવું? એક બાજુ પ્રજાનો પક્ષ બહુમતીમાં હોય, લોકોની માન્યતા જુદી હોય અને સત્ય હકીકત જુદી જ હોય. પ્રજાની માન્યતાની વિરુદ્ધ અમારે જ્યારે ન્યાય આપવાનો હોય તે વખતે અમારામાં સત્ય અને ધૈર્ય જોઇએ. સત્ય માટેની ઉપાસના અને આરાધના જોઇએ. તો જ સાચો ન્યાય તોળાય.

આ અનેકાન્તવાદ સમજવો બહુ મુશ્કેલ છે અને આને સમજીને આ રીતે જીવનમાં ઉતારવો એટલે જીવનસિદ્ધિ. આવા ધૈર્યને કેળવવા કર્મવાદના તત્ત્વજ્ઞાનની જરૂર છે. આ તત્ત્વજ્ઞાન જેને હોય તે કોઈની પણ પરવા કર્યા વિના સત્યને જ અનુસરે. એ તો માને કે જગત એટલે માણસના પુણ્ય અને પાપનું જ પરિણામ છે એ સારું કરે તો સારું મળે, અને ખરાબ કરે તો ખરાબ મળે. જે વાવે તે ઊગે, તેમ જે કરે તે ફળે. આ સમજણ આવે તો માણસ ખરાબ કામ કરે જ નહિ.

દુનિયાને અહિંસાની જરૂર છે, અપરિગ્રહની જરૂર છે, અનેકાન્તવાદની જરૂર છે અને કર્મવાદના તત્ત્વજ્ઞાનની જરૂર છે દુનિયામાંથી યુદ્ધને બંધ કરવાં હોય તો આવા વિચારોથી કરી શકાય. એટલે જ એક કવિએ કહ્યું કેA drop of ink changes the world. દુનિયાને જો બદલી શકે, ફેરવી શકે, તો આ શાહી છે, sword નહીં. તલવારથી માણસ કાપી કાપીને થાકી જાય છે પણ વિચારથી તો માણસોના વિચાર બદલી શકાય છે. અને માણસના વિચાર બદલાય એટલે બધું જ બદલાય. આજ ચારે બાજુ માણસોના વિચારોને બગાડે એવું સ્વાર્થી જડતંત્ર છે. હિંદુસ્તાનમાં જ નહીં પણ દુનિયાભરમાં આવા પુસ્તકો કે જે લોકોના વિચારોમાં સુંદરતા ઊભી કરે, વિચારોમાં શાંતિ સર્જે, વિચારોમાં પ્રેમ જન્માવે, વિચારોમાં ભાઈચારો ઊભો કરે અને એકબીજા વચ્ચે સમજણ વધારે એવાં પ્રકારનાં અનેકાન્તવાદનાં પુસ્તકોનો આજે દુનિયામાં પ્રચાર કરવો પડશે.

હું માનું છું કે જૈનોને એક મહાન વારસો મળ્યો છે. સમજો તો ખરા કે કેવો વારસો મળ્યો છે. આ મકાન અને આ ઓરડા પર શા માટે જીવ આપો છો? એ તો પડી જવાનાં છે દીવાલો કોઈ દર્શન નથી. આજ માંડવગઢમાં જઈને જુઓ. તોતિંગ હવેલીઓમાં કાગડાઓ ઊડે છે, અરે, શિયાળિયાઓને પણ ડર લાગે છે. મકાન એ મોટી વાત નથી મકાનમાં આત્માઓ જોઈએ. આજે જૈનધર્મના આત્માનો હું આપને ખ્યાલ આપી રહ્યો છું, જે તમને સહજ મળ્યો છે. દુનિયાને બતાવી આપો કે તમારી પાસે શું ખજાનો છે. આ ઠેઠ દરિયાપાર રહેલો આદમી આજથી ૫૦ વર્ષ પહેલાં આ ખજાનો પામીને પોતે સાચો જૈન બને, વ્રતધારી બને અને છેલ્લે એ Jainism પર આવું પુસ્તક લખે તે શું સૂચવે છે? આ જૈન ધર્મમાં કેવું અમૃત ભર્યું હશે કે આવા પરદેશીને આવું આકર્ષણ જાગ્યું!

આ પુસ્તકોનું પ્રકાશન કરવું અને પ્રચાર કરવો એ કામ મારું નથી. મારું કામ તો એક દીવડો ધરવાનું કામ છે, ચાલવાનું કામ તો સમાજનું છે. આ દિવ્ય જ્ઞાન સંઘે પહેલું પુસ્તક "Fountain of Inspiration" બહાર પાડયું. જેના Quotation હમણા શ્રી ગજેન્દ્રભાઈએ કહ્યાં પછી "Bondage & freedom" અને આ ત્રીજું તે Herbert Warren નું પુસ્તક છે. આવાં પુસ્તકોનો દુનિયામાં પ્રચાર થતો રહે, તો લોકોને ખ્યાલ આવે કે જૈનધર્મ શું છે? આપણે કોઈને વટલાવવા (Convert) કરવા નથી. માનવીનું Thinking સારું થવું જોઈએ. વિચાર બદલાઈ જાય તો માણસ બદલાઈ જાય છે. આપણે માણસ બનાવવા છે. માણસ કેમ બનાવી શકીશું? બીજા કોઈ સાધનથી નહીં, મૂઠ્ઠી ભરીને પૈસા આપવાથી નહીં, માત્ર ડીગ્રીઓ આપવાથી પણ નહીં, આપણી યુનીવર્સીટીઓ full of degrees છે, છતાં હાલનાં તોફાન તો તમે જુઓ! વિદ્યાર્થીઓ શિક્ષકોને પકડીને કેદ કરે છે, સજા કરે છે, જાણે તેઓ ગુનેગાર કે કેદી હોય તેમ! આવી એકલી ડીગ્રીથી પણ કામ નહીં ચાલે,

એકલા ધનથી પણ સમાજ નહિ ચાલે. ધનવાનના પુત્રોએ આજે ધોળે દિવસે સમાજને કેવો Corrupt લાંચિયો-કરી નાખ્યો છે, એના તમને જીવંત દાખલાઓ દેખાય છે. એટલે જે માબાપ જીવનઘડતરની કેળવણી આપ્યા વિના પૈસા દીકરાઓને આપે છે, એ લોકો સમાજમાં એક જાતનો ભયંકર ચેપી રોગ ફેલાવે છે. અને એ રોગ ચાલુ કરવામાં માબાપ પણ મોટા પ્રમાણમાં ભાગ ભજવે છે.

એ પૈસો કુપાત્રના હાથમાં જાય છે એથી એ લોકો સમાજમાં દૂષણો ફેલાવવામાં સમર્થ બની જાય છે. એટલે પૈસો પણ નહીં, એકલી ડીગ્રીઓ પણ નહીં, એકલી સત્તા પણ નહીં, એની સાથે આત્માની ઉચ્ચ કેળવણી આપો.

માણસ સાચો માણસ ક્યારે બને, કે માણસ માને કે હું દેહાતીત છું, હું જુદો છું. આ જ્ઞાન આવી ગયું તો સમજો કે એ અંદરથી જાગૃત, અને બહારથીયે જાગૃત. આવો અંદરથી જાગૃત અને બહારથી જાગૃત એવો વિચારક સમાજ થવો ઘટે. તે માટે આ જૈનીઝમ છે. એવા થોડાક માનવો-એ પછી કોઈ પણ કોમનાં હોય; કોઇ પણ દેશનાં હોય, કોઇ પણ જાતનાં હોય, તો પણ એ સમાજનું શુભ કરનારા બને છે. આવા શુભ અને આવા શુદ્ધ પ્રકારના વિચારો ફેલાવે એવી મારી શુભેચ્છા છે, અને આ પુસ્તક તમે તમારા મિત્રોને, સાથીઓને, દોસ્તોને બધાયને આપજો કે જેથી એ લોકોને આવું જ્ઞાન મળે, આજે ડૉ. ગજેન્દ્ર ગડકરે અહીં આવીને આવું સરસ મનનીય પ્રવચન કર્યું, તે આનંદદાયક છે. એમનું વકતવ્ય બહુ વિદ્વત્તા પૂર્ણ છે. અને વિચાર પૂર્ણ છે. આમ સૌ ચિન્તકો પ્રભુના આ વિચારને વિચારે અને પ્રભુએ આપેલા આ પરમ પ્રકાશનો લાભ વિશ્વના ખૂણે ખૂણામાં રહેલા પ્રાણીને મળે એવી શુભેચ્છા.

—(૦)—

# માણસ અને માનસ

વીર વિક્રમના રાજ્યમાં ચાર જણાએ સાથે મળીને એક ગુનો કર્યો. એક જ પ્રકારના ગુના માટે ચારે જણા સંમત થઇને ગયેલા. આ ચારે જણા પકડાયા અને રાજા વિક્રમ પાસે તેમને સજા કરવા અંગેનો ન્યાયનો સવાલ આવ્યો.

રાજા વિક્રમે દરેકની અંગત તપાસ કરી. કોણ કોનો દીકરો અને એનાં માતપિતા કોણ, એના સંસ્કાર શા ? એની ઝીણવટથી પૂછપરછ કરી.

પહેલાં ન્યાય ખૂબ જ સંભાળપૂર્વક અપાતો હતો. તહોમતદારનાં માતપિતા જોવાતાં, એનું કુળ જોવાતું, એનો સાત પેઢીનો વ્યવહાર જોવાતો, એના જીવનની મુશ્કેલીઓ જોવાતી, ગુના તરફ દોરી જનારા સંયોગો જોવાતા, આ બધી બાબતો તપાસાયા પછી જ ન્યાય તોળાતો.

રાજા વિક્રમે પણ આ રીતે ચારેય ગુનેગારોની તપાસ કરી.

પહેલા ગુનેગારને બોલાવીને કહ્યું : 'તારા જેવા ખાનદાન માણસને આવું કામ કરવું શોભતું નથી; માટે ચાલ્યો જા.' આટલું કહીને એને જવા દીધો.

બીજાને બોલાવીને કહ્યું: 'તારા જેવાએ આવું કાળું મોઢું દુનિયામાં શા માટે બતાવવું જોઇએ ? દુનિયામાં કોઇ ઠેકાણું નથી ?—જા, તારો પચાશ રૂપિયા દંડ કરવામાં આવે છે. પચાસ રૂપિયા ભરી દેજે.'

પછી ત્રીજાને બોલાવ્યો, 'તારા જેવા અધમ માણસો જ આવું કામ કરે છે. તને તો ભારે સજા કરવી જોઇએ. એટલે જા, તને હું બાર મહિના માટે દેશનિકાલ કરું છું.'

છેલ્લે, ચોથાને બોલાવ્યો. લાલ આંખ કરીને કહ્યું: 'તને તો એવી સજા કરવી જોઇએ કે જિંદગીભર યાદ રહે. એટલા માટે જ બાંડા ગધેડા પર અવળે મોઢે બેસાડીને, કાળું મોઢું કરીને તને આખા ગામમાં ફેરવવામાં આવશે. તે પછી સાત વરસ માટે જેલમાં પૂરવામાં આવશે.'

આ વખતે દરબારમાં હાજર રહેલા બધાને ખૂબજ અચરજ થયું. એમને થયું: ગુનો એકજ પ્રકારનો અને સજાના પ્રકાર સૌના જુદા, એ કેવું?

એક હિંમતવાળાએ તો એનું કારણ પૂછયું પણ ખરું. ત્યારે વિક્રમે કહ્યું: 'તમે થોડા દિવસ રાહ તો જુઓ. હવે શું થાય છે તે પછી આ બધાની સજાના ફરકનો તમને ખ્યાલ આવશે.

પહેલો ગુનેગાર, જેને વિક્રમે કહ્યું હતું કે 'તારા જેવા ખાનદાનને આ શોભતું નથી.' તે માણસને એટલું બધું લાગી આવ્યું કે ઘરમાં આવીને એ ધ્રૂસકે ને ધ્રૂસકે રડી પડયો.

માબાપને એણે કહ્યું કે મારા જીવનમાં આ તો ભયાનક ગુનો થઇ ગયો. હવે હું બાર મહિના સુધી તો કોઇને મોઢું પણ બતાવી શકીશ નહિ. રાજા જેવા રાજા ભરી સભામાં કહી જાય કે તારા જેવા ખાનદાનને આ શોભે નહિ તો મારા જીવનમાં ધૂળ જ પડી ને? હવે હું મોઢું કેવી રીતે બતાવી શકીશ?—આમ એ ખાનદાન માણસ માટે રાજાના શબ્દો 'A word to a wise' જેવા ઠર્યા.

એણે જાતે જ આકરી સજા સ્વીકારી લીધી.

પેલો બીજો ગુનેગાર, જેને કાળા મોઢાનો કહીને રાજાએ પચાસ રૂપિયાનો દંડ કર્યો હતો એણે ઘેર આવીને કહ્યુ: 'દંડ તો બીજે ઠેકાણે ચોરી કરીશું અને ભરી દઇશું. એમાં બીજું શું છે હવે? રાજા જો આપણો દંડ કરે તો આપણે વળી બીજાનો દંડ કરીશું. આમ કહી આ માનવી નફ્ફટાઇથી હસ્યો.

હવે ત્રીજો ગુનેગાર, જેને દેશનિકાલ કરવામાં આવ્યો હતો. એણે ઘેર આવીને કહ્યુ: 'રાજા ભલેને દેશનિકાલ કરતો. આપણે તો દિવસે ગામ બહાર ફરીશું, રાતના પાછા ગામમાં આવીશું. એમાં રાજા કયાં જોવા આવવાનો હતો? એવી દેશનિકાલ-ફેશનિકાલની સજાને તે વળી કોણ ગણે છે? જેણે મૂકી લાજ એને નાનું સરખું રાજ.' આ નફફટ માટે દેશનિકાલની સજા પણ અસરકાર ના નીવડી.

અને પેલો ચોથો કે જેને ગધેડા ઉપર અવળો બેસાડીને તેમજ કાળું મોઢું કરીને ગામમાં ફેરવવાનો હતો તેમજ તેની આગળ તેની હાંસી કરવા માટે ઢોલ વગાડવાનાં હતાં તેને જ્યારે એ રીતે ગામમાં ફેરવવામાં આવી રહ્યો હતો ત્યાં રસ્તામાં એનું ઘર આવ્યું ત્યારે એણે ગધેડાવાળાને ગધેડું ઊભું રાખવાની સૂચના કરી અને ઢોલવાળાને જોરથી વગાડવાનું કહ્યું, જેથી એની પત્નીને ખબર પડે કે એ આજે ગામમાં રાજા બનીને પ્રદક્ષિણા ફરી રહ્યો છે! એણે કહ્યું 'આજે તો બંદાનો વારો છે! મારી આગળ તે વળી ઢોલ કયાંથી હોય? મારી આગળ-પાછળ જે લોકો મને જોવા આવ્યા છે તે પણ મારે માટે કયાંથી હોય? માટે આજે તો, ઢોલવાળા ભાઇ, તું જરા જોરથી વગાડ! ગધેડું ઊભું રખાયું. ઢોલ ખૂબ વાગ્યો એટલે એની બૈરી આવી પહોંચી. પેલો મનમાં ફુલાતો ફુલાતો કહે કે, 'જરા પાણી-બાણી લાવ, આ ગધેડા ઉપર બેસીને જરા ઠંડા પાણી પીએ, લોકો ભલે જુએ. જિંદગીમાં વળી આવો લ્હાવો કયાં મળવાનો છે?''

આ ચારેય દશ્યોનો અહેવાલ પેલા જોનારે આવીને સભાને કહ્યો...ત્યારે રાજા વિક્રમે કહ્યું, 'હવે તમને સમજાયું ને કે એક જ પ્રકારનો ગુનો હોવા છતાં પણ સજાનો ફરક શા માટે! માણસ અને માનસનો આ ફેર છે!

—પૂ. ચિત્રભાનુ

# પૂજ્ય મુનિશ્રી ચિત્રભાનુ મહારાજશ્રીનો ચાતુર્માસ પરિવર્તન પ્રસંગ અને માનવ રાહત

દેશભરમાં અહિંસા અને અભયદાનનો દિવ્ય સંદેશ ગુંજતો કરવા માટે સતત પ્રયત્ન કરતા પૂજ્ય ગુરુદેવ શ્રી ચિત્રભાનુ મહારાજશ્રી તથા મુનિરાજશ્રી બલભદ્રસાગરજીએ ચાતુર્માસ પરિવર્તન પ્રસંગે આજે કોટના ઉપાશ્રયથી વાલકેશ્વરના 'સાગર-મહાલ'માં સર્વશ્રી છોટાલાલ રતનચંદ તથા શ્રી જયંતિલાલ રતનચંદ શાહને ત્યાં પધારવા માટે વિહાર શરૂ કર્યો ત્યારે વહેલી સવારે એકઠાં થયેલાં લગભગ સાતસો જેટલા સ્ત્રી, પુરુષો અને વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓમાંથી છ સો જેટલા કોટના શ્રી શાંતિનાથજી ભગવાનના મંદિરથી તે ચોપાટી સુધી ચારેક માઇલ સુધી સાથે ચાલ્યાં અને શ્રી હાથીભાઇ ગલાલચંદને ત્યાં થોભ્યાં. એ પ્રસંગે શ્રી હાથીભાઇ તથા તેમનાં ધર્મપત્નિ અ. સૌ ચંદનબહેને તથા તેમના સર્વ સ્વજનોએ પૂજ્ય મહારાજશ્રીઓનું તથા સાથે પધારેલા સેંકડો ભાઇબહેનોનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું.

ત્યારબાદ બરાબર ૮ વાગે ત્યાંથી જૈન સ્વયંસેવક મંડળના સુમધુર બેન્ડ સાથે સામૈયું શરૂ થયું. અહીંથી સામે પધારેલા અનેક અગ્રગણ્ય ગૃહસ્થો તથા બીજી એકઠી થયેલી વિશાળ મેદની સાથે લગભગ હજારેક જેટલી માનવ મેદની સ્વાગત યાત્રામાં જોડાઇ ગઈ! આ પ્રસંગે જૈનેતરોમાં પારસી કુટુંબનો પણ સમાવેશ થયો હતો—એ આ પ્રસંગની વિશિષ્ટતા હતી. લગભગ એક માઈલની આ સ્વાગત યાત્રાના સમયે વાહન વ્યવહાર સાચવવા પોલીસોને ભારે જહેમત ઉઠાવવી પડી હતી. રસ્તેથી પસાર થનારાઓ અને મકાનોની અગાસિઓમાંથી જોનારા પૂજ્યશ્રીનું ભવ્ય સ્વાગત નિહાળીને આશ્ચર્ય સાથે આનંદ અનુભવતા જણાતાં હતાં. આમ આનંદમય વાતાવરણ વચ્ચે સ્વાગત યાત્રા 'સાગર મહાલ' પર પહોંચી ત્યારે જોયું તો ત્યાંના વિશાળ મંડપમાં પણ હજારો ભાઇબહેનોની મેદની પૂજ્યશ્રીનું પ્રવચન સાંભળવા આગળથી આવીને બેસી ગયેલી માલમ પડી હતી! ભીડ તો એટલી બધી જામી હતી કે કેટલાક આગેવાનોને પણ બેસવાની જગ્યા કરી આપવાની મુશ્કેલી પડી હતી.

શરૂઆતમાં શ્રી જયંતિલાલ રતનચંદ શાહે પરમ પૂજ્ય મુનિશ્રીનું સ્વાગત કરતાં કહ્યું કે "જે પ્રસંગની રાહ અમે કેટલાંયે વર્ષોથી જોઈ રહ્યાં હતાં તે પ્રસંગ આજે અમારે આંગણે આવ્યો છે તે માટે અમે અમારી જાતને ધન્ય માનીએ છીએ અને ગૌરવ સાથે અનહદ આનંદ અનુભવીએ છીએ. પૂજ્યશ્રી મુંબઇમાં પધાર્યા ત્યારથી આપણાં અહિંસાના મહાન આદર્શોની પૂર્તિ અંગે જે અથાક જહેમત ઉઠાવીને લાગતા વળગતાઓની સાથે સંપર્કમાં આવી, તેમનો સાથ લઇને, મુંબઇ જેવા પચાસ લાખની વસ્તીવાળા પચરંગી શહેરની એક વિશાળ કોર્પોરેશન પાસે વર્ષના આઠ અગત્યનાં પુનિત દિવસોએ કતલખાનાં બંધ રહે એવો ઠરાવ કરાવી જે સિદ્ધિ પ્રાપ્ત કરી છે તે અજોડ છે. આનંદની વાત તો એ છે કે મુંબઇના પગલે ભારતભરમાં અન્ય શહેરોમાં પણ આવા ઠરાવો થયા છે અને થતા જાય છે. તેનો ઘણો યશ સ્વાભાવિક રીતે તેઓશ્રીના ફાળે જાય છે. વળી આપણા સ્વ. લાડીલા નેતા શ્રી લાલબહાદુર શાસ્ત્રીજીને પત્ર લખીને, ડેપ્યુટેશન મોકલીને મેમોરન્ડમ ધરીને સમજાવીને રૂા. વીશ કરોડ જે મોટા યાંત્રિક કતલખાના કરવામાં

ખર્ચવાના હતા તે પશુસંવર્ધનમાં વાપરવાની જાહેરાત કરાવી એક અપૂર્વ સિદ્ધિ અહિંસાના ક્ષેત્રે સર્જી. સર્વ અહિંસા પ્રેમીઓનાં દિલ તેઓશ્રીને નમે છે. અભયદાનની આવી પુનિત પ્રવૃત્તિના પ્રણેતા પૂજ્ય મુનિશ્રીએ અમારી વિનંતીને માન આપીને ચાતુર્માસ પરિવર્તન અંગે અમારા આંગણે પધારીને અમોને જે અનન્ય લાભ આપ્યો છે તે માટે અમો સર્વ સદાને માટે તેઓશ્રીના ઋણી છીએ."

ત્યાર બાદ પૂજ્યશ્રીએ મૈત્રીની મંગળ ભાવના પૂર્વક પ્રવચન શરૂ કર્યું અને પ્રવચનની વચ્ચે બિહારમાં સર્જાયેલી પરિસ્થિતિનો નિર્દેશ કર્યો.

લાગ લગાટ બીજે વર્ષે પણ વરસાદના અભાવે સર્જાયેલી વિષમ પરિસ્થિતી અને ભયંકર દુકાળમાં સપડાઈ ગયેલાં બિહાર અને ઉત્તર પ્રદેશમાં લોકોને મદદ કરવા માટે પૂજ્ય ગુરુદેવ સૂચન કર્યું. એકત્રિત થયેલી માનવ મેદનીએ તેમના આ સૂચનને વધાવી લીધું અને માત્ર દશ મીનીટમાં જ રૂા. ૫૧,૦૦૦)ની રકમ એકત્રિત થઇ ગઈ! એ પછી પૂ. શ્રી. એ એમનું પ્રવચન ફરી શરૂ કર્યું. પ્રવચન દરમ્યાન ફરીથી ચીઠ્ઠીદ્વારા માનવ રાહત ફંડને થોડો વધુ સમય ફાળવવાની વિનંતિ કરવામાં આવી. એટલે પૂ. શ્રીએ પ્રવચનમાં તે વિષે સંબોધન કરી અને પ્રવચન અટકાવ્યું. આ સમયમાં રૂા. ૧૦,૦૦૦) એકઠા થયા. આમ કુલ્લે રૂા. ૬૧,૦૦૦) ટૂંક સમયમાં ભેગા કરવામાં આવ્યા.

પ્રવચનના અંતમાં પૂજ્યશ્રીએ કહ્યું કે અત્યારે હવે સમય બહુ થઈ ગયો છે એટલે અનુકંપા અને અભયદાનનાં આવા પુણ્ય કાર્યમાં, દીન અને દુઃખીઓની વહારે ધાયા છે તેઓ ધન્યવાદને પાત્ર છે. આજે આ મંગળ કાર્ય શરૂ કર્યું છે તેને અંતરથી હજુએ આગળ વધારી તમારામાંના સેવાભાવી ભાઇઓએ જાતે જઇને યોગ્ય વ્યકિતઓને મદદ પહોંચાડી સહાયક થજો. આ સાભળતાં 'દિવ્યજ્ઞાન સંઘ'ના માનદ્ મંત્રી શ્રી. જયંતિભાઈ, જેમને ત્યાં પૂ. શ્રી ચાતુર્માસ પરિવર્તન અંગે પધારેલા, તેમણે પોતાના ખર્ચે, બિહાર જઇને પોતાની દેખરેખથી એ રકમનો સદુપયોગ કરાશે એવી ભાવના વ્યકત કરી. ત્યારબાદ વિખરાતા-વિખરાતા પણ લોકો પોતાની ઊર્મિથી વધુ રકમ લખાવતા ગયા અને આ લખાય છે. ત્યારે ફાળો રૂા. ૭૦૦૦૦ સી-તેર ઉપર પહોંચી ગયો છે.

આ સાલના ચાતુર્માસના મંગળ પ્રારંભ સમયે પૂ. શ્રીએ સાધર્મિકોની ભકિત માટે સાદ પાડી રૂા. ૧૯૦૦૦) જેવી એક રકમ એકઠી કરાવી હતી જેના પ્રતાપે આજે સેંકડો મધ્યમ ઘરના સાધર્મિકોની ભકિત થઈ શકે છે. અને હવે ચાતુર્માસની પૂર્ણાહૂતી પ્રસંગે આ બીજો સાદ પાડીને નાતજાત કોમ કે પ્રાંતના ભેદભાવ વગર જનતા જનાર્દનની સેવા માટે સાદ પાડીને મર્યાદિત સમયમાં પણ આટલી મોટી રકમ એકઠી કરાવી એ અનુભવે અનેક મહાનુભાવોએ પૂજ્યશ્રીનાં "મૈત્રી ભાવના"ના પ્રિય ગીતમાં સમાયેલા મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને મધ્યસ્થ"ના ભાવોને તેમનાં જીવનમાં સાચા અર્થમાં જોયાં અને આનંદ પામ્યાં.

શ્રીફળ અને એક એક રૂપિયાની પ્રભાવના લઇ મંગળ ભાવો સાથે સભા વિખરાઈ

—:*:—

## ચિન્તન

આમણાં કર્મ આપણી લાયકાત નક્કી કરે છે. કર્મથી જ આપણે સુફળ પ્રાપ્તિ કરી શકીએ છીએ. આપણે જેવા છીએ એને માટે આપણે જ જવાબદાર છીએ. આપણે જેવા થયું હશે તેની જવાબદારી પણ આપણી જ છે. આપણે જ આપણું જીવનઘડતર કરીએ છીએ. આપણે હાલ છીએ એ આપણાં કરેલાં કર્મનું જ પરિણામ હોય તો આપણાં વર્તમાન કાર્યોથી જ આપણે ભવિષ્યમાં જેવા થવું હોય તેવા થઇ શકીશું,

"ભગવાન મહાવીર કહે છે. 'હે જીવ, તું પેટ ઘસીને ભોગ અને તૃષ્ણાની પાછળ જીવન ખતમ કરનારો કીડો ન બન, પણ ગગનમાં સ્વતંત્રતાથી વિહરનાર અને શીતળ વૃષ્ટિથી સંસારને સંતૃપ્ત કરી વિખરાઇ જનાર વાદળ જેવો બન.

રે જીવ, કીચડમાંથી કમળ ઉપર આવી ખીલે છે તેમ તું ભોગમાં ન ખૂંચતાં જળની ઉપર આવી ખીલ.

પ્રભુનો આ વિચાર-સંદેશ ઘેર ઘેર પહોંચાડવા માટે પ્રભુનાં વિચાર-સંતાન સમા સાધુઓ આજે ગામે ગામ ફરી રહ્યા છે. અને સમજાવી રહ્યા છે કે માનવીનું જીવન ત્રણ પ્રકારનું હોય છે. (૧) મૂર્છિત, (૨) અર્ધજાગ્રત, અને (૩) પૂર્ણ જાગ્રત.

મોટા ભાગના માનવો મૂર્છિત અવસ્થામાં જ જીવે છે એમનું જીવન કેવળ મોજશોખ, સંસાર પરિવાર, અલંકાર, શૃંગાર ને રંગરાગમાં જ પૂરું થઇ જાય છે. જીવનનો હેતુ સમજે એ પહેલાં એમનું જીવન મૂર્છામાં જ સમાપ્ત થઇ જાય છે.

બીજો વર્ગ એવો છે કે જેને પોતાનું શરીર સાચવવું છે, સંસાર ભોગવવો છે, પણ સાથે સાથે પોતે જે સમાજમાં જીવે છે, એ સમાજ, એ દેશનાં બાંધવો તરફની પોતાની ફરજનો ખ્યાલ પણ રાખવો છે અને વખત આવ્યે પોતાનો સ્વાર્થ સચવાય એ રીતે ફરજ પણ બજાવવી છે.

અને તે પછીનો એક ત્રીજો વર્ગ છે કે જે, પોતાની જાતને ઘસીને પણ, પોતાના સ્વાર્થને વેગળો મૂકીને પણ કેવળ-દુનિયા કલ્યાણ માટે જ મથ્યા કરે છે ને સતત ઝંખ્યા કરે છે કે સમસ્ત જગતનું ભલું થાઓ. પોતાના દુઃખનો કશોય વિચાર કર્યા વિના જ સંસારમાં મીઠાશ પ્રસારવાનું ગમે છે.

સાકર જેમ પોતાનું અસ્તિત્વ મીટાવીને પણ દૂધ કે પાણીને શરબત જેવું મીઠું બનાવી દે છે તેમ આ વર્ગ પણ પોતાનું અસ્તિત્વ ઓગાળી દઇને સંસારને મીઠો બનાવે છે.

પહેલો વર્ગ પોતાના મોજશોખમાં એશ-આરામમાં અને સુખસગવડોમાં એવો મૂર્છાવશ છે કે એને પોતાના હિતની વાત સાંભળવાનો કે ચિંતન કરવાનો સમય નથી. ગમે એટલું મળી જાય તો એને સંતોષ નથી. એની તૃષ્ણાનો અંત નથી.

એક મહાન રાજાએ એક સવારે સંકલ્પ કર્યો કે મારી પાસે જે માણસ ખાલી પાત્ર લઇને આવે તેને જે માગે તે વસ્તુથી ભરી દેવું.

સૌ ખાલી પાત્ર સાથે દોડી આવવા લાગ્યા. સૌનાં પાત્ર ભરાવા લાગ્યાં ને ઠેર ઠેર રાજાના ગુણગાન ગવાવા લાગ્યાં.

એમ કરતાં નાનકડું પાત્ર લઇ એક વિચારક આવ્યો. "મારું પાત્ર ભરી આપ, તને આશિષ આપીશ. ધરતી પર તારો ગુણ ગાતો ફરીશ."

રાજાને થયું આમાં શું ? અબઘડી ભરી દઉં. મૂઠી ભરી સોના મહોરો નાંખી. ન ભરાયું. ખોબો ભરી છલકાવી દેવા ધાર્યું તોય ઉણું રહ્યું. કોથળા ઠાલવવા માંડયા તોય થાકી જવાયું !

રાજાએ કહ્યું, "જાદુઈ પાત્ર છે કે શું ?"

પેલાએ કહ્યુંઃ "ના....આ તો માનવીના હૃદયમાંથી બનાવેલું પાત્ર છે. એની અતૃષ્ણાને કોઇ પૂરી શકે એમ નથી. એની આતૃપ્તિની આગને કોઇ ઠારી શકે એમ નથી....સો રૂપિયાના પગારમાંય દુઃખ, દશ હજારના પગારમાંય અસંતોષય ને લાખોની આવકમાં પણ અશાંતિ."

પહેલા વર્ગના લોકોની તૃષ્ણા આવી જ હોય છે-એ સંતોને સાંભળવા પણ તૈયાર નથી. ચિંતકોને અનુસરવા પણ ઇચ્છતા નથી. એમને તો લહેર કરવી છે. ને તે લહેરને અખંડ રાખવા માટે બીજાના સુખચેન હરવાં છે, અને અતૃપ્તિમાં જીવન પૂરું કરવું છે.

બીજો વર્ગ અર્ધજાગ્રત અવસ્થામાં છે....એ સુખચેનની પથારીમાં પોઢયા તો છે પણ પ્રભાતના કિરણો સમી સંતવાણીની પ્રેરણા વડે એના જીવનનું પરોઢ ઊગાડી રહ્યું છે....તેથી જ એ પોતે સુખી રહેવા ઇચ્છે છે, તેમ બીજાને પણ સુખી કરવા પણ મથે છે. એ વિચાર છે.

હું ખાઉં છું. તો ખરો પણ મારો કોઈ સ્વજન ભૂખ્યો તો નથી ને?—આમ વિચારીને તે એક રોટલી ખાતો હોય તો અડધી રોટલી બીજાને પણ આપે છે. એને ખવડાવીને ખાવામાં જ આનંદ છે. સાધુ સંતની પ્રેરણા ઝીલી એ સત્કર્મ પણ કરે છે. દાનધર્મ પણ આચારે છે.

તમને બધાને ઉમંગથી એકઠાં થયેલાં જોઈને મને આજથી બરાબર એક વર્ષ પહેલાની વાત યાદ આવે છે.

એ પણ જ્યોતિ સદનમાં ચાર્તુમાસ પરિવર્તનનો પુણ્ય દિવસ હતો. વીસ કરોડના ખરચે ઊભા થનારા કત્તલખાનાઓની યોજનાને મોકુફ રાખવા માટેની આપણી વિનંતી સ્વીકારીને આપણા લાડીલા લાલબહાદુર શાસ્ત્રીએ તે રકમ પશુસંવર્ધમાં વાપરવાની એક ઉમંગપ્રદ જાહેરાત કરીને એ દિવસે ભારતીય સંસ્કૃતિની સુરક્ષા કરી હતી.

એ વાતને આજે બરાબર એક પૂરુ થયું છે.

એ ભારતીય સંસ્કૃતિના સંરક્ષક આજે આપણી વચ્ચે નથી.

એવે ટાણે આપે જાણ્યું હશે કે, એ બહાદુરના બિહારમાં લાખો માનવભાંડુઓ દુષ્કાળથી રિબાઈ રહ્યા છે.

ને બીજી બાજુ લોકો લાખો કરોડો રૂપિયાના ફટાકડા ફોડી રહ્યાં છે.

આપણા માનવભાંડુઓ જ્યારે અન્ન વિના ટળવળતાં હોય, સાધન વિના રીબાતાં હોય ત્યારે આપણે સુખચેનથી હરીએ ફરીએ તે કેમ ચાલે?

આવે ટાણે આપણે સૌ આપણી ફરજ બજાવી સુંદર ફાળો ન કરી શકીએ?

આપણા સ્વયંસેવકોને ત્યાં મોકલીને ઘેર ઘેર અન્નવસ્ત્ર પહોંચાડો તો કેવું સારું?

ગયા વરસે આજના પુણ્ય દિવસે જ લાલબહાદુર શાસ્ત્રીજીએ આપણી હૃદયભાવના સ્વીકારીને મૂંગા પશુને બચાવ્યાં હતાં. આજે આપણે પણ આપણાં માનવભાંડૂઓને બચાવવાનું કર્તવ્ય કેમ ન કરીએ?

પશુઓની દયા ખાનારા આપણે માનવબંધુઓ પરત્વેની ફરજને શું ભૂલી જઈશું!

એક ચિંતકે કહ્યું છે.

જો તું દેવ હોય તો નીચો ઊતરીને માનવ બન,"

ને, જો તું પશુ હોય તો, ઉંચે ચઢીને માનવ બન.

એટલે જ કહું છું કે આજે જગતમાં માનવ બનવાની જરૂર છે, માનવતાની જરૂર છે. સાચા માનવની જરૂર છે.

માણસ માણસનો સહાયક નહિ બને તો બીજું કોણ સહાયક બનશે."

તે આ રીતે મુનિશ્રીએ માનવીના હૃદયને સ્પર્શતી અપીલ કરતાં શ્રોતાઓનાં હૃદયમાં પણ કાંઈક કર્તવ્ય બજાવવાની ઝંખના જાગી.... ને દશ મિનિટમાં જ આંકડો એકસઠ હજારે પહોંચ્યો....

આગળ વધતાં મુનિશ્રીએ જણાવ્યું....''જેના જેના હૃદયમાં દયા, કરુણા, મૈત્રી અને પ્રેમનો સ્રોત વહે છે એવા માનવો જ બીજાની સહાય માટે, સેવા માટે સહાનુભૂતિથી પોતાના સુખ પર કાપ મૂકી શકે છે.

જેના જીવનમાં આવી સમજનું પરોઢ ઉગ્યું છે તે લોકો જ પૂર્ણ જાગૃતિની અવસ્થા પામી શકવાના છે. એમના આત્માની જ્યોતિ જ સદા સર્વદા સહાનુભૂતિનો પ્રકાશ પાથરવાની છે. એવા લોકો જ માનવ દેહનો ઉંચામાં ઉંચો ઉપયોગ કરીને જીવનમાં સાર્થકતા પામી શકવાના છે.

આવા મહાનુભાવોની એક જ જીવન ઝંખના હોય છે કે મને મળેલી માનવ કાયાનો ઉચામાં ઉચો ઉપયોગ શી રીતે કરું મારું જીવન ઊર્ધ્વગામી શી રીતે બને? હું જીવન દર્શન શી રીતે પામું?

આવી જીવનદ્રષ્ટિ વાળાઓનો અહંકાર ઓગળી ગયેલો હોય છે. ને તેથી જ એમના જીવનમાં ઉજ્જવળતાનો પ્રકાશ સદૈવ પથરાયેલો રહે છે.

આવા મહાપુરુષો જ ભગવાન મહાવીરે આપેલા સંદેશાને ઝીલે છે, એ પેટથી ચાલતા કીડા નહિ, પણ ગગનમાં વિહરતા વાદળની જેમ સંસારને નવજીવન આપી, પોતે બીજાને પ્રેરણારૂપ બની પોતાના જીવનને ધન્ય બનાવે છે.

સંપાદક : ''નિમિત્તમાત્ર''

# દિવ્ય જ્ઞાન સંઘે યોજેલી જાહેર વકતૃત્વ સ્પર્ધા.

ઘોડાપૂર દોડી જતી નદી પ્રદેશોના પ્રદેશો તારાજ કરી નાખે છે, પણ તે નદીનું પાણી જો નહેરો દ્વારા ખેતરોમાં વાળવામાં આવે તો તે જ પ્રદેશોમાં અઢળક પાક ઉત્તપન્ન થાય છે. અનિયંત્રિત વિદ્યુત આગ સળગાવે તે જ વિદ્યુત તાર દ્વારા વહન કરતા માનવકલ્યાણના અનેક કાર્યો કરી શકે છે, એજ રીતે આધુનિક વિદ્યાર્થીઓની પ્રચંડ શકિતનું, તેમના માનસને યોગ્ય માર્ગે ઊર્ધ્વીકરણ કરવામાં આવે તો તેમાંથી અદ્‌ભુત સર્જન થઇ શકે ! ઉચ્ચ વિચારોનો સંસ્કારી ખોરાક આપતી વકતૃત્વ સ્પર્ધાઓ આ માટે ઉપયોગી અને લાભદાયી માલૂમ પડી છે.

પૂ. મુનિશ્રી ચિત્રભાનુ મહારાજશ્રીની પ્રેરણાથી શ્રી દિવ્ય જ્ઞાન સંઘે શાળાની શ્રેણી ૮ થી ૧૧ અને કૉલેજ ની M. A. સુધીના વિદ્યાર્થી–વિદ્યાર્થીનીઓ માટે "યુધ્ધના ભયથી ત્રાસેલા આજના વિશ્વને કોણ બચાવી શકે ?" એ વિષય ઉપર કુલ રૂપિયા ૯૦૦=૦૦ના ઇનામો સાથે એક વકતૃત્વ સ્પર્ધા યોજવાનું નકકી કર્યું હતું. વિષયના માર્ગદર્શન માટે તા. ૬–૧૧–૬૬ ના રોજ પૂ. શ્રી ચિત્રભાનુએ તથા તા, ૨૭-૧૧-૬૬ ના રોજ મુંબઇ વિશ્વ વિદ્યાલયના અધ્યાપિકા ડૉ. ઉષા મહેતાએ પ્રવચનો આપ્યાં હતાં. તા. ૪-૧૨-૬૬ ના રોજ પ્રાથમિક સ્પર્ધાઓમાં શાળા વિભાગમાં કુ. કળાબેન શાહ M. A. કુ વત્સલાબેન અમીન એલ. એલ. બી. લાલચંદ કે. શાહ તથા કોલેજ વિભાગમાં સેંટ ઝેવીઅર કૉલેજનાં પ્રાધ્યાપક ડૉ. રમણુલાલ સી. શાહ M A, P. H. D; એલ્ફીન્સ્ટન કૉલેજના પ્રાધ્યાત્પક શ્રી ભૂપેન્દ્રભાઈ બી. ત્રિવેદી M. A. તથા જાણીતા શિક્ષણ શાસ્ત્રી શ્રી જમુભાઈ દાણી નિર્ણાયકો હતા.

તા. ૧૧–૧૨–૬૬ નાં રોજ પૂ. ચિત્રભાનુ મહારાજશ્રીની નિશ્રામાં કોટના શ્રી શાંતિનાથજી જૈન ઉપાશ્રયમાં બપોરે બે વાગે શાળા વિભાગનાં વિદ્યાર્થીઓની આખરી સ્પર્ધા યોજવામાં આવી હતી. તેમાં પાર્લા કૉલેજનાં આચાર્ય શ્રી અમૃતલાલભાઇ યાજ્ઞિક તથા પૉલીસ કોર્ટનાં એડીશનલ ચીફ પ્રેસીડેન્સી મેજીસ્ટ્રેટ શ્રી. એમ. એલ. ધ્રુવ નિર્ણાયકો હતો. આ સ્પર્ધામાં ૧૬ વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓએ આ વિષયને એવી તો સુંદર રીતે છણ્યો અને રજુ કર્યો કે એમને સાંભળતા સૌ કોઇનાં હૃદયો પુલિકત થતાં હતાં અને એમ લાગતું હતું કે જગતનાં ધર્માચાર્યો, શિક્ષણ શાસ્ત્રીઓ તથા સામાજિક સંસ્થાઓ અરસપરસનાં સહકારથી વિશ્વભરનાં બાળકોને વિશ્વશાંતિની વિચારણા માટે આવી તકો પૂરી પાડે તો, એ દિશામાં સુંદર પ્રગતિ થાય. પૂ. શ્રી. ચિત્રભાનુ મહારાજશ્રીએ આ વિષે પ્રેરણા આપી બાળકોના સંસ્કાર ઘડતરનું મહત્ત્વ સમજાવ્યું હતું. નિર્ણાયક બધુંઓએ પણ વકતૃત્વ શકિતના વિશેષ પ્રગતિ માટે સુંદર માર્ગ દર્શન આપ્યું હતું.

વિજેતાઓ તરીકે (૧) કુ. જયશ્રી શાંતિલાલ ને પહેલું ઇનામ રૂા. ૧૫૦)નું પ્રાપ્ત થયું હતું, (૨) કુ. ઉષા વસંતલાલને ઇનામ રૂા. ૧૦૦)નું ત્રીજા અને ચોથા કુમાર મુકેશ ચુનીલાલ અને કુ. જયોતિ ચુનીલાલની વચ્ચે સરખે ભાગે માર્ક પડેલા જેથી રૂા. ૫૦) તેઓ બન્ને વચ્ચે વ્હેંચી આપવામાં આવેલાં. આ ઇનામો શ્રી. જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના મહામંત્રી શ્રી. પ્રાણુલાલ કાનજીભાઇ દોશી (જે.પી.) તરફથી, તેમનાં ધર્મપત્નિ શ્રીમતી કંચનબહેનની વરદ્ હસ્તે વહેંચવામાં આવેલ હતાં.

ત્યારબાદ તા. ૧૮–૧૨–૬૬ ને રવિવારના રોજ બપોરનાં બરાબર બે વાગતા, પૂ. શ્રી.ની નિશ્રામાં આખરી સ્પર્ધા થઇ, જેમાં ગુજરાતની વરિષ્ઠ અદાલતના વડા ન્યાયમૂર્તિ શ્રી. કે. ટી. દેસાઇ, મુંબઇની વરિષ્ઠ અદાલતના ન્યાયમૂર્તિ શ્રી. આર. એમ. કાંટાવાળા તથા કૉમર્સ કૉલેજના ભૂતપૂર્વ આચાર્ય અને હાલનાં ટેરીફ

કમિશનનાં સભ્ય પ્રો. કે. ટી. મરચન્ટે તેમનાં કિંમતી સમયનો–ભોગ આપીને નિર્ણાયકો તરીકે અમૂલ્ય સેવા આપી હતી. આ આખરી સ્પર્ધાનાં ૧૩ વિદ્યાર્થી તથા વિદ્યાર્થીનીઓ એટલુ તો સુંદર બોલેલા કે નિર્ણાયકોને પણ વિમાસણમાં મૂકી દે! પરંતુ આખરે તેમાંથીયે સૌથી વધુમાં વધુ માર્ક મેળવનારા–ભાઇ શાંતિલાલ નાથાલાલ પટેલ, કુમારી કુંદન ચુનીલાલ જેઓ ડૉકટરી અભ્યાસમાં બીજા વર્ષમાં છે તે, અને સ્પર્ધામાં જ ભાગ લેવાને ખાતર ખાસ અમદાવાદથી આવેલ કુ. જ્યોત્સના રમણલાલ અનુક્રમે મોખરે આવ્યાં અને તેઓ દરેક અનુક્રમે રૂા. ૩૦૦) રૂા. ૨૦૦) અને રૂા. ૧૦૦)ના ઇનામના અધિકારી થયાં! પરિણામે તાળીઓનાં ગગડાટ વચ્ચે એ વિજેતાઓને મુંબઇનાં શેર બજારના પ્રખ્યાત બ્રોકર અને કોટ સંઘનાં ટ્રસ્ટી શ્રી. નવીનચંદ્રભાઇ સી. કંપાણી તરફથી જ તેમનાં વરદ્ હસ્તે એ ઇનામો ભેટ અપાયાં. ઉપરાંત એ વિજેતાઓને અને આખરી સ્પર્ધામાં પસંદ કરાયેલા દરેક વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓને "દિવ્ય જ્ઞાન સંઘ" તરફથી બહાર પડેલ યુરોપીયન વિદ્વાન લેખક શ્રી. હર્બર્ટ વોરનનું અંગ્રેજી પુસ્તક 'Jainism' પણ ભેટ આપવામાં આવેલા. આ સમારંભના અંતે ભાઇશ્રી કેશવલાલ એલ. શાહ અને શ્રી ચીમનભાઇ પાલીતાણાકર તરફથી પ્રાસંગિક વકતવ્ય થયા બાદ, પૂ. મહારાજશ્રીએ અત્યંત પ્રેરણાદાયક પ્રવચન કરીને જેઓએ આ સ્પર્ધામાં તેમની અદ્ભૂત શકિતનો પરિચય કરાવ્યો તેમને ધન્યવાદ આપીને અન્યને પ્રેરણા લેવા ઉદ્બોધન કર્યું હતું. નિર્ણાયકોએ પણ રજાના દિવસનો ભોગ આપી જે સેવા આપી તે માટે તેમની પણ પ્રશંસા કરી હતી.

# શોક સભા

કેટલાંક ફૂલ એવાં હોય છે જેમનો ભભકો નહિ, પણ સુવાસ જ બોલતી હોય છે. અમદાવાદ નિવાસી શાહ રમણલાલ ગિરધરલાલ પણ એવી જ એક વ્યકિત હતી જેમના સુકાર્યોની મહેક આજ એમની ગેરહાજરીમાં બોલી રહી છે.

અમદાવાદના જૈન સમાજમાં એમના મૃત્યુથી ન પૂરાય તેવી ખોટ પડી છે. એમના સ્વર્ગવાસથી કેટલાય માણસો નિઃસહાય બન્યા છે અને તેથી જ આજે ઠેર ઠેર એમના ગુણોના સ્મરણની સભાઓ ગોઠવાય છે એવો જ એક સભાનો આ ઠરાવ છે.

—તંત્રી.

શ્રી સ્વાધ્યાય મંદિર ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટીઓની એક સભા કોટ શાન્તિનાથમાં મળી હતી તેમાં ટ્રસ્ટના મુખ્ય સંચાલક શ્રી રમણલાલ ભાઇ ગિરધરલાલભાઇના દુઃખદ અવસાન અંગે નીચેનો શોક ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.

"શ્રી રમણલાલભાઇ ગીરધરલાલભાઈના દુઃખદ અવસાનથી આ ટ્રસ્ટ અને સમાજને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. સદગતે આ ટ્રસ્ટના મુખ્ય સંચાલક તરીકે આપેલી કિંમતી સેવાની નોંધ લે છે અને તેમના આત્માને પરમ શાંતિ ઇચ્છે છે."

લિ૦

મનસુખલાલ એલ વશા
નીતિન નાથાલાલ પરીખ
ગંગાદાસ છગનલાલ શાહ
ટ્રસ્ટીઓ, શ્રી સ્વ.ધ્યાય મંદિર ચેરીટેબલ ટ્રસ્ટ

**NIMMCO**




**ન્યૂ ઈંડિયા મોઝાઈક એન્ડ માર્બલ કું. પ્રાઈવેટ લિ.**

હેડ ઓફીસ અને ફેકટરી

ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, લાલબાગ, મુંબઈ ૧૨.

ફોન:- ૩૭૬૧૯, ૨૭૨૭૫૩.

---

## શૂરવીર

જગતમાં શૂરવીર કોણ? ચોરને પછાડી મારી નાખે તે નહિ, પણ મનને આવેશના વમળમાં જતું અટકાવે તે જ સાચો શૂરવીર.

### અસંગ

જે કોઈનો નથી તે જ બધાનો બની શકે છે. જગતના મહાપુરુષો કોઈના નથી; તેઓ બધાના જ છે.

### સત્યનિષ્ઠ

જે મનુષ્ય જીવનભર સત્યનિષ્ઠ રહે છે તેને જીવનમાં શી શી સિદ્ધિઓ નથી મળતી! દુષ્ટો પણ એના ઉપર વિશ્વાસ રાખે એ શું ઓછી સિદ્ધિ છે?

### શાન્તિ

જો તમે શાંતિની સમશેર લઈને ફરશો તો તમારો વિજય નક્કી જ છે; તમને કોઈ જ પરાજિત નહિ કરી શકે.

—પૂ. ચિત્રભાનુ

## શ્રેષ્ઠ સ્વાગત

મહાન દેશનું પ્રેસિડેન્ટ પદ પ્રાપ્ત કર્યા પછી પણ જેમના અંતરમાં ગરીબ પ્રજાની વેદના શૂળની પેઠે ભોંકાતી જ રહી એવા એક વિશાળ દેશના મહામાનવનો આ જીવન પ્રસાદ પામીને ચાલો આપણે ધન્ય બનીએ.

અમેરિકાના મહાન પ્રમુખ અબ્રાહમલિંકન ૧૯૬૦ માં જ્યારે પ્રમુખપદે ચૂંટાઇ આવ્યા ત્યારે તેમના સ્નેહીમિત્રો અને સરકારના વડા કર્મચારિઓ તેમને અભિવંદવા સ્પ્રિંગફીલ્ડ ખાતે આવેલ તેમના નિવાસગૃહે પુષ્પાહાર લઇને એકઠા મળ્યા. એ સમયે અમેરિકામાં રિવાજ એવો હતો કે મોટા હોદ્દાપર ચૂંટાઇ આવેલ વ્યક્તિ પોતાને અભિવંદવા આવેલ મહેમાનોને, સત્કારના પ્રત્યુત્તરરૂપે ભારે ઠાઠમાઠ અને શાહીદબદબાથી પાર્ટી આપે. આ પરંપરા અને રૂઢીરૂપે પડેલ શીરસ્તાને અનુસરવાનો પ્રસંગ આજ લિંકન માટે સૌ પ્રથમ હતો.

ખુશાલીનો કોલાહલ કરવા આવેલ મહેમાનોને શી ખબર કે લિંકન મહેમાનોનું સ્વાગત કેવું કરશે? સૌ કોઇ સ્વાગતની પ્રણાલી ને ઝીલવા આજ થનગની રહ્યા હતાં. સૌની ઉત્સુતકા મહાન લિંકનની મહેમાનગતિ માણવા તલસતી હતી. લિંકન કેવી વિવિધ વાનગીઓના ભોજન વડે અતિથિઓને સત્કારે છે. એ જાણવા આંગતુક મિત્રો તત્પર હતા પરંતુ કોને ખબર કે મહાન લિંકનના કોમળ હૃદયમાં દેશના કરોડો દરિદ્રોની વેદના આવા સુખદ પ્રસંગે પણ ભભકતી હશે? લિંકનના હૃદયમાં આજ જાણે એના દેશ બાંધવોની કંગાલિયત બંડ પોકારી કંઇક કહી રહી હોય તેમ સૌના આશ્ચર્ય વચ્ચે લિંકને ઉપસ્થિત મહેમાનોને પ્રબોધતાં કહ્યું. "મિત્રો! આપણા દેશની કોટી કોટી પ્રજાએ પોતાની ગરીબી અને દારિદ્રતા ફેડવા આજ અને અહીં ચૂંટી મોકલ્યો છે. જેનો મને હર્ષ છે. પરંતુ આવા શુભ પ્રસંગે આપણા દેશના કરોડો દેશબાંધવો, કે જે ભૂખ અને ગરીબી સાથે ભીષણ સંગ્રામ ખેલી રહ્યા છે. તેને આપણે ન ભૂલવા જોઇએ. એ ગરીબ પ્રજાના સાચા પ્રતિનિધિ તરીકે મારી સૌથી પહેલી અને છેલ્લી ફરજ એ છે કે, મારે સ્વયં ગરીબને છાજે તેવું જીવન જીવવું જોઇએ. એટલા માટે હું તમારું ભાવભીનું સ્વાગત એ ગરીબ પ્રજાની અસ્મિતાને છાજે તેવું કરીશ.

ચાલો આપણે સહુ આજના શુભ દિવસે ઇશ્વરે બક્ષેલ ઉત્તમોત્તમ સ્વાદિષ્ટ પીણું કે જેના થકી આપણે આપણું જીવન ટકાવી શકયા છીએ, તે પીણાનું આજ સાથે મળીને પાન કરીએ." આટલું કહી મહાન દેશના પ્રેસિડેન્ટે આવેલ મહેમાનોની સમક્ષ પાણીનો એક એક પ્યાલો સ્નેહભર્યું સ્મિત વેરતા ધરી દીધો.

પિકનીક અને પાર્ટીઓના ચસકે ચડેલા આપણા દેશ સેવકોની સામે લિંકનનો આ જીવન પ્રસંગ મૌન ઉપદેશ બની ને આજે પણ ઊભો છે.

—ગિરિરાજ

—:*:—

## વિચાર

જેમ ખાવાના પદાર્થો શરીરને પોષે છે, તેમ વિચારો મનને પોષે છે, અને જેમ ખાવાના પદાર્થો બગડેલા હોય છે તો શરીરને હાનિ થાય છે, તેમ વિચારો બગડેલા હોય છે, તો મનને હાનિ થાય છે, અને શરીરને થયેલી હાનિ કરતાં મનને થયેલી હાનિ હજાર ગણી મોટી હોય છે.

—ઉદ્ધૃત

મુદ્રક, પ્રકાશન અને સંપાદક શ્રી ચંદુલાલ ટી. શાહે, મહેશચંદ્ર પ્રિન્ટર્સ મુંબઇ નં. ૨ માં છપાવી, ડીવાઇન નૉલેજ સોસાયટી (દિવ્ય જ્ઞાન સંઘ) માટે લેંટીન ચેમ્બર્સ, દલાલ સ્ટ્રીટ, મુંબઇ નં. ૧ માંથી પ્રગટ કર્યું છે.